# ‘ચલો ગુરુદેવ કે સપને સજાને કી શપથ લે લે’-પટનાની ઝોનલ કાર્યશાળામાં ઉમટેલ સંકલ્પ

ગાયત્રીતીર્થ-શાંતિકુંજ હરિદ્વારના તત્વાવધાન તથા ઝોનલ કેન્દ્ર ગાયત્રી શક્તિપીઠ, પટનાના સંયોજકત્વમાં ‘મુક્તાકાશ’ ભારતીય નૃત્ય કલા મંદિર ફ્રેજર રોડ, પટનામાં બિહાર રાજ્યના ગાયત્રી પરિવારના પરિજનોની બે દિવસીય કાર્યશાળા (૧૫ તથા ૧૬ ફેબ્રુઆરી-૨૦૦૮) પૂર્વાહ્ન ૧૦.૩૦ વાગે શરૂ થઈ. દીપ પ્રાગટ્ય ગાયત્રી પરિવારના પ્રમુખ શ્રદ્ધેય ડૉ.પ્રણવ પંડ્યાજી દ્વારા કરવામાં આવ્યું. દેવમંચ પર ગુરુસત્તા અને ગાયત્રી માતાનું ભાવભીનું આવાહન થયું. વેદોક્ત સંજ્ઞાન સૂત્રનો સંસ્કૃત તથા હિન્દી ભાષામાં પાઠ થયો. ત્યારબાદ પ્રેરણાદાયી પ્રજ્ઞાગીતનું ગાયન થયું, જેના બોલ હતા-‘‘હમારા હૈ યહ દૃઢ સંકલ્પ, નયા સંસાર બસાયેંગે’’. આ ગીતે ઉપસ્થિત અઢી હજાર ભાઈ-બહેનોએ ગાયું.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીના મુખ્ય ઉદ્‌બોધનનો વિષય હતો-‘‘મહાન અભિયાનની વિરાટ યાત્રાઃ આપણી જવાબદારી, આપણું સૌભાગ્ય’’. તેમણે પોતાના વ્યાખ્યાનમાં પરમ પૂજ્ય ગુરુદેવ, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ જેવા મહાપુરુષો; જીન ડિક્સન, પ્રો.હરાર, નોસ્ટ્રાડેમસ જેવા અતીન્દ્રિય ક્ષમતા સંપન્ન મનીષિઓ; બાઈબલ, ઈસ્લામિક પુસ્તક, ભાગવત પુરાણ, હરિવંશ પુરાણ તથા વાલ્મીકિ રામાયણ જેવા મહાન ગ્રંથોનો ઉલ્લેખ કરતાં એ સાબિત કર્યું કે સમય બદલાઈ રહ્યો છે, સતયુગ આવી રહ્યો છે. આપણે પરિવર્તનની મહાન ક્ષણોમાં જીવી રહ્યા છીએ.

તેમણે ઉપસ્થિતિ પરિજનોને એમના જન્મજન્માતરોથી જોડાયેલ જાગૃત આત્મા હોવાનું સ્મરણ કરાવ્યું. એ વાતની યાદ અપાવી કે આ ખૂબ જ મોટું સૌભાગ્ય છે. પરંતુ એની સાથે જોડાયેલ અમુક મહાન જવાબદારીઓ પણ છે. એનો પણ બોધ કરાવ્યો.

મધ્યાહ્નના ૨.૩૦ વાગે પ્રારંભ થનારા બીજા સત્રનો વિષય હતો-‘પરમ પૂજ્ય ગુરુદેવની વસીયત અને વિરાસતના પ્રકાશમાં અમારી જીવન સાધના’. એના પહેલાં ગીત ગાવામાં આવ્યું-‘‘સૂનો યુગઋષિ કે જીવન કી પુણ્ય કહાની....’’. વિષયની રજુઆત શ્રદ્ધેય વીરેશ્વર ઉપાધ્યાયજી-એ કર્યું. તેમણે ઉપસ્થિત પરિજનોને જીવન સાધનાના વિષયમાં જાગૃત કર્યા.

આ કાર્યશાળામાં બિહાર રાજ્યમાં નિર્ધારિત ઉત્તર ઝોન, પૂર્વોત્તર ઝોન તથા પૂર્વ ઝોનના ૨૫૦૦ ભાઈ-બહેનો સામેલ થયા. ગાયત્રી પરિવારના લોકસેવી કાર્યકર્તાઓની યોગ્યતા, અનુભવ, પ્રશિક્ષણ તથા કૌશલની વૃદ્ધિ જ કાર્યશાળાનો ઉદ્દેશ્ય છે. કાર્યશાળાની ફળશ્રુતિ-ના રૂપમાં શ્રદ્ધેય ડૉ.પ્રણવ પંડ્યાજી તથા શાંતિકુંજના વરિષ્ઠ ભાઈ ‘સમયદાન’ના સંકલ્પોની શ્રદ્ધાંજલિ ગુરુચરણોમાં લઈ જશે. એમાં અમુક પરિજન એક વર્ષ; અમુક ૬ મહિના તથા અમુક ૩ મહિનાનું સમયદાન આપવાવાળા હશે.

આદરણીય ડૉ.સાહેબનું બીજુ વ્યાખ્યાન દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યલયના વિષયમાં હતું. તેમણે એને શિક્ષણ અને વિદ્યાના સાર્થક સમન્વયના રૂપમાં નિરૂપિત કરતાં તેને નાલંદા-તક્ષશિલા સ્તર સુધી ઉંચા ઉઠવવા માટે પોતે પોતાને તથા શાંતિકુંજને પ્રતિબદ્ધ બતાવ્યા. ત્યાં ભણનારા છાત્રો-છાત્રાઓના અધ્યયનમાં સહાયતાના રૂપમાં છાત્રવૃત્તિ દાતાઓનું આવાહન તેમણે કર્યું. એના સત્પરિણામ પણ આવ્યા. અનેક ભાઈ-બહેનોએ આગળ આવી છાત્રવૃત્તિઓની ઘોષણા કરી. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પટનામાં આવેલ આંતર્રાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્રમાં પંજીકૃત તથા અધ્યયનરત ૮૫ ભાઈ-બહેનોને જ્ઞાનદીક્ષા આપવામાં આવી તથા તેમણે સંકલ્પ અપાવવામાં આવ્યા.

સાંજના સત્રમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પર વ્યાખ્યાન તથા ફિલ્મના પ્રદર્શન ઉપરાંત શ્રી કાલીચરણ શર્માજીએ ‘સંગઠનની રીતિ-નીતિ’ પર બોલતાં એ નિરૂપિત કરતાં કહ્યું કે




ગુરુસત્તાના સૂક્ષ્મ અને કારણ શરીરમાં રહીને પણ આ સંગઠન જ એમનું સ્થૂળ શરીર છે. વેદોક્ત મંત્ર ‘‘સહસ્ત્ર શીર્ષા પુરુષઃ...’’ને દાખલો આપીને બતાવવામાં આવ્યું કે અસંખ્ય માથા, હાથો અને પગો વાળા જે ભગવાનના વિષયમાં વર્ણન આવે છે, જે યુગ પ્રત્યાવર્તન કરવામાં સમર્થ છે, એ સંગઠન અથવા સંઘશક્તિ જ છે.

## કાર્યશાળાનો બીજો દિવસ

બીજા દિવસનો આરંભ પ્રાતઃ ૬ વાગે ધ્યાન સાથે થયો. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ નિર્દેશ આપ્યો તથા ઉપસ્થિત પરિજનોને સવિતાનું ધ્યાન કર્યું. ધ્યાન પછી તેમણે ધ્યાનનું મહાત્મ્ય બતાવ્યું તથા દસ પ્રકારના ધ્યાનના વિષયમાં પ્રકાશ ફેંક્યો. પ્રોજેક્ટર સ્ક્રીન પર વિભિન્ન પ્રકારના ધ્યાન-પ્રયોગોને સ્પષ્ટ કરવા વાળા ચિત્ર પણ ઉપસ્થિત થતા હતા, એનાથી સૌને સમજાવવામાં સહાયતા મળી.

બીજુ સત્ર લાંબું હતું, એમાં ચાર મહત્ત્વપૂર્ણ વિષયો પર શાંતિકુંજના વરિષ્ઠ ભાઈઓએ વ્યાખ્યાન આપ્યા-

(૧) **સમયદાન જ યુગધર્મ**-વક્તા-આદરણીય બૃજમોહન ગૌડજી. આ વ્યાખ્યાનના પહેલાં પ્રજ્ઞાગીત ગાવામાં આવ્યું, જેમાં યુગધર્મ માટે આવાહન હતું. પરમ પૂજ્ય ગુરુદેવના માર્મિક વાક્યોને પ્રોજેક્ટર પર બતાવતા તેમણે સમયદાનને યુગનો યુગધર્મ બતાવ્યો. કેટલાય મહાપુરુષોના પ્રેરક દૃષ્ટાંતો બતાવ્યા. જેનાથી પરિજનોને સમજવામાં સહાયતા મળી.

**(૨) સમયદાનનું સુનિયોજનઃ**-વક્તા-આદરણીય કેસરી કપીલજી. ગાયત્રી શક્તિપીઠોને પ્રજ્ઞાવતારના લીલા કેન્દ્રો બતાવતાં તથા એની મહત્તાની રજુઆત કરતાં તેમણે સમયદાનના સુનિયોજન પર વિસ્તારથી પ્રકાશ ફેંક્યો. વિભિન્ન યોગ્યતા તથા સમયદાન માટે ઉત્સુક પરિજન કેવી રીતે પોતાના સમયદાનને લગાવી શકે છે, એને પૂજ્ય ગુરુદેવનું ઉદાહરણ તથા વ્યવહારિક ઉદાહરણ આપી સમજાવ્યું. ઘણાબધા પરિજનોને એનાથી સહાયતા મળી.

**(૩) ગુરુસત્તા તથા મિશનની આપણી પાસે અપેક્ષાઓઃ**-વક્તા-આદરણીય ગૌરીશંકર શર્મા. એમના વ્યાખ્યાન પહેલાં એક ખૂબ જ પ્રભાવશાળી ગીત ગાવામાં આવ્યું -‘‘ભ્રમ કે ભટકાવે છોડો, કુછ કામ પ્રભુ કા કર લો રે...’’ આ ગીતમાં ભાવવિભોર ગીતની સાથે અભિનયનું પણ મિશ્રણ હતું. પરિજનોએ પ્રેરણા પણ લીધી તથા આનંદ પણ લીધો. આદરણીય ગૌરીશંકર શર્માજીએ કેટલાય માર્મિક ઉદાહરણ આપતાં બતાવ્યું કે પરમ પૂજ્ય ગુરુદેવ પરિજનોથી શું ઈચ્છે છે? તેમણે પરિજનોને વધારે સમજદાર, ઈમાનદાર, જવાબદાર અને બહાદુર બનવાની પ્રેરણા આપી.

**(૪) નાણાંકીય વહીવટ**-વક્તા-શ્રી એચ.પી. સિંહજી-મિશનના વ્યાપક સેવા કાર્યોમાં લાગેલ લાખો પરિજનોને પૈસાના વિષયમાં કેવી રીતે સાવધાની પૂર્વક હિસાબ-કિતાબ રાખવો જોઈએ, એની પર તેમણે પ્રકાશ ફેંક્યો. પરિજનો દ્વારા કેન્દ્રને મોકલનારી રોકડ રકમને બેંકના એકાઉન્ટ્સમાં કેવી રીતે સીધા જમા કરવાના છે, સમય-સમય પર ટ્રસ્ટના હિસાબ-કિતાબનો ઓડિટ કરાવવા, જેવા વિષયોને બારીકાઈથી સમજાવ્યા.

**ત્રીજુ સત્રઃ**-ભોજન બાદ શરૂ થવા વાળા ત્રીજા સત્રમાં (જેમની સમયાવધિ ત્રણ કલાકથી પણ વધારે હતી) બે ગતિવિધિઓ સમાનાંતર રૂપથી ચાલી. પહેલી સમૂહ ચર્ચા તથા બીજી ગુરુદેવ-માતાજી ચરણ પાદુકાઓને લાઈનમાં ઉભા રહીને પ્રણામનો ક્રમ.

પૂર્વોત્તર ઝોન તથા ઉત્તરઝોનથી પધારેલ પરિજનોના અલગ-અલગ સમુહ બનાવવામાં આવ્યા હતા. ટાટાનગરમાં આમ તો એક કાર્યશાળા પહેલાંથી જ સંપન્ન થઈ ચુકી હતી, આથી ત્યાંથી ઓછા પરિજનો આવ્યા હતા, પરંતુ એમનો પણ સમુહ અલગ રાખવામાં આવ્યો હતો. પૂર્વ ઝોનની અંતર્ગત બિહારથી આવેલ પરિજનોની સંખ્યા સૌથી વધારે હતી, આથી તેમને ઉપઝોનોના ક્રમમાં અલગ-અલગ બેસાડવામાં આવ્યા હતા. આ સમૂહ ચર્ચામાં વિભિન્ન બિંદુઓ પર ગહન ચર્ચા-પરામર્શ થઈ તથા એ દરમ્યાન સમયદાનના સંકલ્પપત્રો પણ ભરાવવામાં આવ્યા. વચ્ચે-વચ્ચે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય માટે છાત્રવૃત્તિ આપનારાઓના નામ પણ આવતા રહ્યા. સમય-સમય પર એની ઘોષણાઓ પણ થતી રહી.

## ચોથુ સત્ર (વિદાય સત્ર)

આ સત્ર સાયંકાળ ૫.૩૦ થી આરંભ થઈ ગયું. ગુરુવંદના બાદ આદરણીય બૃજમોહન ગૌડજીએ સમૂહ ચર્ચાના નિષ્કર્ષ સૌની સામે રાખ્યા. જ્યારે તેમને પટના ઝોનલ કાર્યશાળાની ઉપલબ્ધિઓ (સમયદાન અને અંશદાન)ને પટલ પર રાખ્યા તો મોડે સુધી તાળીઓની ગળગળાટ થતી રહી.

આદરણીય કેસરી કપિલજીએ બિહાર રાજ્યના માટે એક વર્ષીય કાર્યયોજના વાંચી સંભળાવી તથા એના કેટલાક ઉલ્લેખનીય બિન્દુઓને વધારે સ્પષ્ટ કર્યા. એમાંથી કેટલાક કાર્ય સમય અને શ્રમસાધ્ય પણ છે.

અમુક નક્કી કરાયેલ પરિજનોને કાર્યશાળાના સંબંધમાં પોતાના વિચાર રાખવા માટે આમંત્રિત કરવામાં આવ્યા, આ પરિજનો વિભિન્ન ઉપઝોનથી લેવામાં આવ્યા હતા. શ્રી લાલ બિહારીસિંહ (સાસારામ), શ્રી નરેન્દ્રસિંહ (મુજફ્ફરપુર), શ્રીમતી લલિતા રાણા (હજારીબાગ), પ્રો.બિન્દેશ્વરી પ્રસાદ સિંહ (આરા), શ્રીમતી નીલમસિંહ (પટના) તથા પપ્પુજી (મુજફ્ફરપુર)એ ક્રમશઃ પોતાના વિચાર રજુ કર્યા. બિહારના પરિજનો તરફથી આભાર વિધિ ગયા ઉપઝોનના શ્રી વિજય શર્માએ કર્યો.

આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીના વિદાઈ ઉદ્‌બોધન પહેલાં ઉદ્‌ગાતા બંધુઓ (શ્રી ગોવિંદ પાટીદાર, શ્રી ઓંકાર પાટીદાર તથા શ્રી પ્રેમલાલ બિરલા)એ એક ભાવવિભોર ગીત ગાયું-‘‘ચલો ગુરુદેવ કે સપને સજાને કી શપથ લે લે...’’.

પોતાના વિદાઈ ઉદ્‌બોધનમાં આદરણીય ડૉ.સાહેબે ભાગ લેનારા તમામ ભાઈ-બહેનોને પરમ પૂજ્ય ગુરુદેવના જન્મ શતાબ્દી વર્ષ ૨૦૧૧ની સંબંધિત જવાબદારીનો બોધ કરાવ્યો તથા આવાહન કર્યું કે તેમને આગામી ત્રણ વર્ષોમાં ત્રીસ વર્ષ જેટલુ કામ કરવાનું છે. સર્જન સૈનિકો (પરિજનો)ને આત્મ-નિર્માણના એવા સૂત્રો પણ બતાવ્યા, જે લોકસેવિઓને હંમેશા યાદ રાખવા જોઈએ. પરમ પૂજ્ય ગુરુદેવના કેટલાક માર્મિક પ્રસંગો બતાવતાં તેમણે પરિજનોને વિશ્વાસ અપાવ્યો કે આપ ભલે ગુરુદેવને જીવનની વ્યસ્તતાઓમાં ભૂલી ગયા, પરંતુ તેઓ પોતાના સ્નેહીને ક્યારે પણ નથી ભૂલ્યા.

(વધુ પાના નંબર-૮ પર)

### કાર્યશાળાની ઉપલબ્ધિઓ

**સમયદાનઃ-** આજીવન-૨૩, એક વર્ષ-૧૪,
છ મહિના-૧૮, ત્રણ મહિના-૯૧,
બે મહિના-૩૩, એક મહિના-૪૭૮

**અંશદાનઃ-**(દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના છાત્ર-છાત્રાઓ માટે છાત્રવૃત્તિઓની ઘોષણા)
દાનદાતા ભાઈ-બહેનોની સંખ્યા-૧૧૧
કુલ સંકલ્પિક રોકડ રકમ-૨૧ લાખ રૂપિયા

**સ્વામીઃ-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**

www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DN-29/06
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2008